## આજે હજારો શહેરીજનોએ ભારે હાલાકી વેઠવી પડશે

# PMની મુલાકાતને પગલે સિટી બસના 12 રૂટ બંધ

**કાર્યક્રમ** પૂરો થયા બાદ તમામ રૂટ પર ફરી બસ સેવા યથાવત થશે

સુરતઃ આવતીકાલે વડાપ્રધાન સુરત આવી રહ્યા છે. તેમની સુરક્ષાને ધ્યાને રાખી અને ટ્રાફિક વ્યવસ્થાને લઈ સિટી બસના 12 રૂટ બંધ કરાયા છે અને BRTSના 2 રૂટ ડાયવર્ટ કરાયા છે. સુરત મહાનગરપાલિકા દ્વારા રોજિંદા 2 લાખથી વધુ મુસાફરોને સેવા આપતી આ પરિવહન વ્યવસ્થામાં ટ્રાફિક પોલીસની સૂચનાથી તારીખ 5 જૂન 2026ના રોજ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફારો અંતર્ગત ચોક્કસ રૂટો પર જ બસો ડાયવર્ટ કે બંધ રહેશે. આ ઉપરાંત ટ્રાફિક પોલીસ તરફથી જેવી સૂચના મળશે તે મુજબ અન્ય રૂટોમાં પણ ફેરફાર થઈ શકે છે. વડાપ્રધાનનો સુરત પ્રવાસ અને જરૂરી અમલીકરણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ આ તમામ રૂટો પર બસ સેવાઓ ફરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

### BRTS બસના ડાયવર્ટ કરાયેલા રૂટ (રૂટમાં ફેરફાર)

**રૂટ નં. 12 (ONGC કોલોનીથી સરથાણા નેચર પાર્ક):** આ બસ હવે સોમેશ્વરથી સરથાણા નેચર પાર્ક વચ્ચે જ ચાલશે.

**રૂટ નં. 14 (ONGC કોલોનીથી કોસાડ EWS H2):** આ બસ હવે પાલ RTOથી કોસાડ EWS H2 વચ્ચે જ ચાલશે.

**સંપૂર્ણ બંધ કરાયેલા સિટી બસના રૂટ**

**રૂટ નં. 136:** રેલવે સ્ટેશન થી એરપોર્ટ
**રૂટ નં. 206:** ચોકથી સી.કે. પીઠાવાલા એન્જિનિયરિંગ કોલેજ
**રૂટ નં. 658:** અડાજણ GSRTCથી ઈચ્છાપોર
**રૂટ નં. 706:** ઇસ્કોન સર્કલથી VNSGU
**રૂટ નં. 106R:** રેલવે સ્ટેશનથી આભવા ગામ
**રૂટ નં. 153R:** ઉમરા ગામથી કાપોદ્રા (વાયા રિંગ રોડ)
**રૂટ નં. 216B:** ચોકથી ભીમપોર
**રૂટ નં. 216K:** ચોકથી કાડી ફળિયા ડુમસ
**રૂટ નં. 226J:** કોસાડ ગામથી VNSG યુનિવર્સિટી (વાયા ચંદ્રશેખર)
**રૂટ નં. 658B:** અડાજણ GSRTCથી ઈચ્છાપોર (વાયા ભાટપોર)
**રૂટ નં. 716:** જહાંગીરપુરાથી ગેઇલ કોલોની વેસુ
**રૂટ નં. 126R:** રેલવે સ્ટેશનથી VNSGU

### ONGC બ્રિજથી જળદેવી મંદિરના રસ્તાના બંને રૂટ પર વાહનો પર પ્રતિબંધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે સુરતના હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો કંપનીની મુલાકાત લેવાના હોવાથી ટ્રાફિકના સંચાલન માટે આવતીકાલે બપોરે એક વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી ONGC ઓવરબ્રિજ સર્કલ ચાર રસ્તાથી જળદેવી મંદિર જવાના ત્રણ રસ્તા સુધીના બંને રૂટ પર તમામ પ્રકારના ભારે વાહનોની અવરજવર તેમજ પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધનો આદેશ પો.કમિ. અનુપમસિંહ ગેહલોત દ્વારા કરવામાં આવ્યો છે. સાથે સાથે આ મુખ્ય માર્ગને અડીને આવેલા તમામ ગલી-નાકા અને ચાર રસ્તા પરથી મુખ્ય માર્ગ પર પ્રવેશવા કે ક્રોસિંગ કરવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. સ્થિતિને ધ્યાને રાખીને જો જરૂર જણાશે તો આ સમયગાળા દરમિયાન સામાન્ય ફોર-વ્હીલર વાહનોને પણ આ રૂટ પર આવવા-જવા કે પાર્કિંગ કરવા દેવામાં આવશે નહીં.

### મોદીના આગમન પહેલા સફાઈ ઝુંબેશ, કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ, ધારાસભ્ય પૂર્ણેશ મોદી જોડાયા



સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે પર્યાવરણ દિવસના રોજ સુરત શહેરની મુલાકાતે આવી રહ્યા છે. તેમના આગમનને પગલે સુરત મહાનગરપાલિકા અને શહેર ભાજપ દ્વારા સમગ્ર શહેરમાં વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભટાર ખાતે યોજાયેલા સફાઈના મુખ્ય કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પ્રત્યક્ષ ભાગ લઈને શ્રમદાન આપ્યું હતું. સીઆર પાટીલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીએ પણ તમામ સુરતીઓને સ્વચ્છતાને માત્ર ઘર પૂરતી સીમિત ન રાખતા સમગ્ર સોસાયટી અને મહોલ્લા સ્તરે જાળવી રાખવા અનુરોધ કર્યો છે. પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી પણ આ સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાયા હતા.



### આજે વિશ્વ પર્યાવરણ દિવસ પણ હોવાથી

# મોદીના આજના સુરતના કાર્યક્રમમાં પ્લાસ્ટિક અને થર્મોકોલ પર પ્રતિબંધ

**કાર્યક્રમમાં** મુખ્ય મંચનું બેકડ્રોપ રિસાઇકલ કરેલા કાપડમાંથી તૈયાર કરાયું

સુરત : સુરત અને દમણની મુલાકાતે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં જ સુરતમાં આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિનની પણ ઉજવણી કરવામાં આવશે. આ માટે કાર્યક્રમ સ્થળ પર પ્લાસ્ટિક અને થર્મોકોલનો સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે. સમગ્ર આયોજનને પર્યાવરણ જાગૃતિના એક વિશાળ કેનવાસમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે.

ઇન્ડોર સ્ટેડિયમ ખાતે મુખ્ય મંચનું બેકડ્રોપ (સ્ટેજની પાછળનો ભાગ) સુરતની ફાઈન આર્ટસ કોલેજના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક કલાકારો દ્વારા માત્ર રિસાયકલ કરેલા કાપડમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

ફ્લેક્સ બેનરો અને કૃત્રિમ સજાવટના બદલે, મુલાકાતીઓનું સ્વાગત હાથેથી રંગાયેલા હોર્ડિંગ્સ અને બિનજરૂરી વસ્તુઓમાંથી તૈયાર કરાયેલા શિલ્પો દ્વારા થશે. નાગરિકો દ્વારા પર્યાવરણ અને સસ્ટેનેબિલિટી વિષય પર બનાવેલી 5,000થી વધુ કલાકૃતિઓને કાર્યક્રમની સજાવટમાં સામેલ કરવામાં આવી છે. આ કાર્યક્રમની ડિઝાઇન સૌર ઊર્જા, જળ સંરક્ષણ, ગ્રીન મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક લક્ષ્યો પર આધારિત છે. આવતીકાલે જ્યારે વડાપ્રધાન સુરતમાં જનમેદનીને સંબોધિત કરશે, ત્યારે લોકોનું ધ્યાન માત્ર મંચ પર જ નહીં, પરંતુ મંચની સજાવટ પર પણ ખેંચાશે.

### કાર્યક્રમ સ્થળે અને આજુબાજુ 20 લિટરના 150 જેટલા પાણીના માટલાં મુકાયાં




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં નવતર પ્રયોગના ભાગરૂપે લોકોને ગરમીથી રાહત આપવા કાર્યક્રમ સ્થળે, તેની આજુબાજુના વિસ્તારમાં અને પાર્કિંગ પોઈન્ટ પાસે અંદાજે 150, 20-20 લીટરના પારંપરિક માટીના માટલા મુકવામાં આવ્યા છે. આ વિશ્વ પર્યાવરણ દિવસની વિશેષ ઇવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં પ્લાસ્ટિકના ઉપયોગ સામે જાગૃતિ લાવવા અને તેના ટકાઉ વિકલ્પો જેવા કે કાપડની થેલીઓ, માટી અને વાંસના વાસણોને પ્રોત્સાહિત કરવાનો છે. તેથી સમગ્ર કાર્યક્રમ દરમિયાન પાણીના પાઉચ, પ્લાસ્ટિકની બોટલો કે ફ્લેક્સ બેનર્સ જેવી સિંગલ યુઝ પ્લાસ્ટિકની સામગ્રીનો નિષેધ કરી ઇકો ફ્રેન્ડલી વિકલ્પને પ્રાધાન્ય અપાયું છે.

### 15 હજારથી વધુ વિદ્યાર્થીઓએ 'પર્યાવરણ સંવર્ધન'નો સંદેશો આપતા 2500 પ્લેકાર્ડ બનાવ્યો



વિશ્વ પર્યાવરણ દિવસના aવડાપ્રધાનના આગમનને વધાવવા મનપાની શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે પ્લેકાર્ડ બનાવવામાં આવ્યા છે. મહાનગર પાલિકા કમિશનર એમ.નાગરાજનના માર્ગદર્શન હેઠળ શહેરના 9 ઝોનની 365 શાળાઓના 15 હજારથી વધુ વિદ્યાર્થીઓ અને 2500 આચાર્યો-શિક્ષકોએ વિવિધ ચિત્રો દ્વારા 'પર્યાવરણ સંવર્ધન'નો સંદેશો આપતા 2500 જેટલા પ્લેકાર્ડ બનાવી પર્યાવરણ જાગૃતિનો સંદેશ અપાયો છે.

### પર્યાવરણ બચાવવાનો સંદેશ આપતી રંગોળી તૈયાર કરાઈ



મોદીને આવકાવા માટે શહેરના સ્થાનિક કલાકારો દ્વારા 2 દિવસની ભારે જહેમત અદભુત રંગોળી 'સેવ એન્વાયરમેન્ટ', 'સેવ વોટર' અને 'સેવ ટ્રી' ના મેસેજ સાથે બનાવીને લોકોને જાગૃત કરવાનો અનોખો પ્રયાસ કરવા માં આવ્યો છે. જેમાં પાણીનો બગાડ અટકાવવા અને પર્યાવરણની જાળવણી કરવા રંગોળીના માધ્યમથી અપીલ કરાશે.

# મોદીના જીવન પર સુરતની ચિત્રકારના ચિત્રો આજે ઈનડોરના ગેટ પર મુકાશે



**સુરતની** ચિત્રકાર મિતલ સોજીત્રા 2019માં દિલ્હી ખાતે મોદીને મળી ત્યારે ચિત્રો બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને મોદીએ અનુમોદન આપ્યું હતું

સુરતઃ વડાપ્રધાન મોદી સુરત આવી રહ્યા છે ત્યારે સુરતના ચિત્રકાર મિતલ સોજીત્રા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જીવનયાત્રાને સાંકળી લઈને રચેલા ચિત્રોને આવતીકાલે જ્યાં પીએમ મોદીનો કાર્યક્રમ છે તે ઈન્ડોર સ્ટેડિયમના ગેટ પાસે મુકવામાં આવશે.

ચિત્રકાર મિતલ સોજીત્રાએ જણાવ્યું હતું કે, વર્ષ 2019માં હું દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી હતી. ત્યાં તેમની જીવનયાત્રાને ચિત્રરૂપે રજૂ કરી એક્ઝિબિશન કરવાની ઈચ્છા રજૂ કરી હતી. ત્યારે તેમણે આ બાબતે મને હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો. મેં વડાપ્રધાન મોદીના બાળપણથી લઈને તેમની રાજકીય સફરનું વર્ણન આ 18 પેઈન્ટિંગમાં કર્યું છે. 23 ચિત્રો તૈયાર કર્યા હતા પરંતુ અહીં 18 ચિત્રો રજૂ કરવાના છે. મિતલ સોજીત્રાએ વધુમાં જણાવ્યું હતું કે, આ ચિત્રોમાં તેમના માતા-પિતા વચ્ચેના લાગણીસભર ક્ષણથી લઈ અયોધ્યા રામ મંદિર, જાહેર જીવનથી લઈ પ્રધાનમંત્રી સુધીની સફર, તેમના આજના ભારત વિશેના વિઝન સુધીનું વર્ણન કરવામાં આવ્યું છે.

**આજે વિશ્વ પર્યાવરણ દિવસ** | **સુરત આવી રહેલા વડાપ્રધાન અહીં પણ ધ્યાન આપે**

# ખુલ્લી જમીનો પર અર્બન ફોરેસ્ટ બનાવો

**લાખો** ચોરસ મીટર ખુલ્લી જમીનો પર હરિયાળી વિકાસથી સુરતને મળી શકે પર્યાવરણનું રક્ષણ

સુરતઃ એક તરફ પર્યાવરણની જાળવણી માટે ગ્લોબલ વોર્મિંગ સામે લડવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ સુરતમાં ટીપીમાં કપાત થયેલી જમીનોમાં ખાણીપીણીના બજારો ઊભા કરી દેવાને બદલે અર્બન ફોરેસ્ટ બનાવવા જોઈએ. આજે વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતની મુલાકાતે છે, ત્યારે સ્થાનિક લોકો અને પર્યાવરણવિદો આ ગંભીર મુદ્દા તરફ તેમનું ધ્યાન દોરી રહ્યા છે.

આ જમીનો ભવિષ્યમાં મનપાના વિવિધ પ્રોજેક્ટો અથવા જાહેર સુવિધાઓ માટે અનામત રાખવામાં આવી હતી. જોકે હાલ મોટાભાગની જગ્યાઓ પર બાવળા અને જંગલી વનસ્પતિ ઊગી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ ખુલ્લી જગ્યાઓનો ઉપયોગ ખાણી-પીણીના સ્ટોલ, ફૂડ કોર્ટ અને અન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે ભાડે આપવાની પ્રવૃત્તિ ઝડપથી વધી રહી છે. જેના કારણે સ્થાનિક વિસ્તારોમાં ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ રહી છે.



### ગ્લોબલ વોર્મિંગ સામે કુદરતી હથિયાર

**વિશ્વભરમાં ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તન ગંભીર પડકાર બની રહ્યા છે. આવા સમયમાં શહેરોની અંદર વિકસતા અર્બન ફોરેસ્ટ કાર્બન શોષણ કરીને વાતાવરણમાં રહેલા પ્રદૂષણને ઘટાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. નિષ્ણાતોના મતે શહેરોમાં જંગલોનું નિર્માણ એ ગ્લોબલ વોર્મિંગ સામે લડવાનું સૌથી અસરકારક અને લાંબા ગાળાનું કુદરતી હથિયાર છે.**

### અર્બન ફોરેસ્ટ બની શકે શહેર માટે આશીર્વાદ

મહાનગરપાલિકા જો વન વિભાગના સહયોગથી તમામ ખુલ્લા પ્લોટો પર મોટા પાયે વૃક્ષારોપણ અભિયાન ચલાવે અને સાથે જળસંગ્રહની વ્યવસ્થાઓ ઊભી કરે તો શહેરમાં માઇક્રો ક્લાઇમેટ રેગ્યુલેશન એટલે કે સ્થાનિક તાપમાનના નિયંત્રણમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર જોવા મળી શકે છે. આ લાખો ચોરસ મીટર જમીનનો ઉપયોગ અર્બન ફોરેસ્ટ તરીકે કરવામાં આવે તો સુરત શહેર માટે તે પર્યાવરણની દૃષ્ટિએ ઐતિહાસિક પગલું સાબિત થઈ શકે છે. પર્યાવરણવિદોના જણાવ્યા અનુસાર શહેરમાં મોટા પ્રમાણમાં વૃક્ષો અને જંગલ જેવા હરિયાળા વિસ્તારો વિકસાવવામાં આવે તો આસપાસના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે. જેના કારણે ઉનાળાની ઋતુ દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. વધતી ગરમી અને હીટવેવ જેવી સમસ્યાઓ સામે હરિયાળી એક કુદરતી રક્ષણ કવચ તરીકે કાર્ય કરે છે.

### લુપ્ત થતી વનસ્પતિ અને પક્ષીઓ માટે સંરક્ષણ ઝોન

અર્બન ફોરેસ્ટ માત્ર પર્યાવરણને જ નહીં પરંતુ જૈવ વૈવિધ્યતાને પણ નવી જિંદગી આપી શકે છે. શહેરોમાં ઝડપથી લુપ્ત થઈ રહેલી સ્થાનિક વનસ્પતિ અને વિવિધ પશુ-પક્ષીઓ માટે આવા વિસ્તારો ઉત્તમ કન્ઝર્વેશન ઝોન બની શકે છે. એક સમયની ઘરઆંગણે જોવા મળતી ચકલી જેવી પક્ષી પ્રજાતિઓ આજે શહેરોમાંથી ગાયબ થતી જઈ રહી છે. જો મોટા પાયે હરિયાળા વિસ્તાર ઉભા કરવામાં આવે તો આવી અનેક પ્રજાતિઓ માટે સુરક્ષિત આવાસ ઉપલબ્ધ થઈ શકે છે.

# દિલ્હીની ઘટના બાદ મનપા જાગી 57 હોટલ અને રેસ્ટોરન્ટોને નોટિસ

**અગાઉ** રાજકોટ ગેમઝોન બાદ જાહેર થયેલી માર્ગદર્શિકામાં હોટલો માટે અપાયેલી ગાઇડલાઇન કાગળ પર રહી ગઇ હોવાનુ ખૂલ્યું

**મોટા** નામ ધરાવતી હોટેલોમાં પણ ફાયર સેફ્ટી બાબતે તંત્રએ આંખ મિચામણા કર્યા હતા

સુરતઃ દિલ્હીમાં સર્જાયેલી ભયાનક આગની દુર્ઘટનામાં 21 લોકોના મોતના પગલે સુરત મહાનગરપાલિકાનું તંત્ર સફાળું જાગ્યું છે. મનપાના ફાયર વિભાગે શહેરની તમામ હોટલો અને રેસ્ટોરન્ટોમાં ફાયર સેફ્ટીના નિયમોના પાલનની તાકીદે તપાસ શરૂ કરી દીધી છે. ખાસ કરીને ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટના શિડ્યુલ-3 હેઠળ આવતા એકમો તંત્રના રડારમાં છે. ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ તમામ ઝોનને આદેશ આપીને આ કેટેગરીની હોટલ-રેસ્ટોરન્ટોમાં ફાયર સેફ્ટીનું સઘન ઇન્સ્પેક્શન હાથ ધરવા જણાવ્યું છે, જેથી મોટી સંખ્યામાં લોકોની અવરજવર ધરાવતા આ સ્થળો પર ભવિષ્યમાં દિલ્હી જેવી કોઈ મોટી હોનારત નિવારી શકાય. વિવિધ ઝોન વિસ્તારમાં આવેલી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજ, રેસ્ટોરન્ટ તથા જાહેર ઉપયોગની ઇમારતોમાં વિશેષ ફાયર સેફ્ટી ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ફાયર સેફ્ટી સિસ્ટમ બિનકાર્યરત હોવી, ઇમરજન્સી એક્ઝિટની અપૂરતી વ્યવસ્થા અને ફાયર NOC મેળવેલી ન હોવી કે રિન્યુ ન કરાવવા જેવી ગંભીર ક્ષતિઓ ધરાવતા 57 જેટલા એકમોને નોટિસ આપવામાં આવી હતી. સાથે સાથે વીજ કનેક્શન કાપવા કે ડ્રેનેજ કનેક્શન કાપવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ પ્રકારની સઘન તપાસ આગામી દિવસોમાં પણ શહેરના તમામ ઝોનમાં સતત ચાલુ રાખવામાં આવશે. જો નિયમોનું પાલન નહીં કરાય અને ભવિષ્યમાં કોઈ દુર્ઘટના કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે એકમોના માલિકો કે સંચાલકોની રહેશે. તંત્રે તમામ માલિકોને ફાયર સેફ્ટી સિસ્ટમ હંમેશા કાર્યરત રાખવા અને સમયસર NOC રિન્યુ કરાવી લેવા કડક અનુરોધ કર્યો છે.

### આ હોટેલોમાં ફાયર સેફ્ટી મુદ્દે લાલિયાવાડી બહાર આવી

- **વરાછા ઝોન-એ**
- હોટલ મિલેનિયમ
- હોટલ લેનોક્સ
- હોટલ બ્લુ ઓર્કિડ
- હોટલ મૂનલાઇટ
- હોટલ લોટસ
- હોટલ શાશ્વત
- સતિયમ ગેસ્ટ હાઉસ
- હોટલ જે.બી.
- હોટલ ગોલ્ડન રૂમ્સ
- **કતારગામ ઝોન**
- શ્રી ગણેશ ઢોસા
- જી-વિલા
- ધ ડી પિઝા
- ધ વિશાલા ગાર્ડન રેસ્ટોરન્ટ
- જલારામ કાઠિયાવાડી હોટલ
- નીલકંઠ ડાઇનિંગ હોલ
- ઠાકર રેસ્ટોરન્ટ
- આશીર્વાદ રેસ્ટોરન્ટ
- હોટલ રાજ
- હોટલ રીજન્સી
- હોટલ હની ઇન (ગેસ્ટ હાઉસ)
- વરાછા ઝોન-બી
- હોટલ લોટસ
- હોટલ લક્ષ્મી કુબેર
- હોટેલ હોમ ટાઉન
- તુલસી આર્કેડ (સીટી પેલેસ હોટેલ)
- H.R ડાયનીંગ હોલ
- જેજે ઢોસા
- 333 ફૂડ ઇન મેડ ઓવર ગ્રીલ
- મોસમ રેસ્ટોરન્ટ
- બાબાસાઈ ઢોસા
- લા- પીનોઝ પીઝા
- બાબા સાઈ ઢોસા
- ઝાપટો ઢોસા
- લા પીઝા ટ્રેનો
- GJ-05 ફેન્સી ઢોસા
- રીયલ પેપરીકા
- **ટોનીટો'સ પીઝા**
- **અઠવા ઝોન**
- સફલ રૂમ S-1
- સફલ રૂમ S-5
- **હેરિટેજ રૂમ S-9**
- હેરિટેજ રૂમ S-11
- રાધે રાધે રૂમ્સ હોટલ
- રોયલ આશરો
- હોટલ ઝાર ઇન
- હોટલ ફ્રાન્સ
- હોટલ ડી લાઇટ
- ટેબલ ટોક રેસ્ટોરન્ટ LLP
- ટોડલ ટ્રેન્ક
- ગો સ્ટે હોટલ
- વી.એસ. ફેમિલી સ્પા
- 7 સ્ટાર હોટલ
- ડી3 ફેમિલી સ્પા
- લીંબાયત ઝોન
- હોટલ ડ્રિમ વ્યુ
- હોટલ ઇનફીનીટી
- હોટલ હેપ્પી ઈન
- હોટલ જેરી
- ફ્લોરેન્સ હોટેલ
- હોટલ રોયલ ઈન

# ચેમ્બરમાંસુકાનપરિવર્તનઃ6જૂને અશોકજીરાવાલાનવાપ્રમુખબનશે

**નિખિલ** મદ્રાસીના સફળ કાર્યકાળ બાદ નવા નેતૃત્વને સોંપાશે ચેમ્બરની કમાન



સુરતઃ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતની અગ્રણી સંસ્થા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)માં આગામી 6 જૂનના રોજ સુકાન પરિવર્તનનો ભવ્ય સમારોહ યોજાશે. વર્ષ 2025-26ના પ્રમુખ નિખિલ મદ્રાસી પોતાના ઐતિહાસિક અને સફળ 365 દિવસના કાર્યકાળ બાદ હોદ્દો છોડશે. જ્યારે વર્ષ 2026-27 માટે અશોક જીરાવાલા નવા પ્રમુખ અને રવિ રાજ દેસાઈ નવા ઉપપ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરશે.

નિખિલ મદ્રાસીએ તેમના સફળ કાર્યકાળ વિશેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર વર્ષ દરમિયાન 525થી વધુ બિઝનેસ કાર્યક્રમ અને રેકોર્ડબ્રેક 22 એક્ઝિબિશન યોજવામાં આવ્યાં હતાં. ઉદ્યોગોને વિવિધ રજૂઆતોના પરિણામે અંદાજે રૂ.17,105 કરોડનો આર્થિક લાભ મળ્યો હોવાનું જણાવાયું હતું. ઉપરાંત બોત્સવાના ડેલિગેશનના પરિણામ સ્વરૂપ સુરતના KP ગ્રુપે રૂ.36,000 કરોડના ઐતિહાસિક એમઓયુ કર્યાં હતાં. વધુમાં ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરે 1,165 વિદ્યાર્થીને તાલીમ આપી સંસ્થાને નોંધપાત્ર આવક પણ અપાવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન 830 નવા સભ્ય જોડાયા હતા.

સરસાણા સ્થિત SIECC ખાતે યોજાનારા શપથવિધિ સમારોહમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.કે.મહેશ્વરી સહિત અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ટેક્સટાઈલ ઉદ્યોગના અગ્રણી અશોક જીરાવાલા આગામી કાર્યકાળમાં ઓટોમેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર ભાર મૂકી ઉદ્યોગોને નવી દિશા આપવાના વિઝન સાથે ચેમ્બરનું નેતૃત્વ સંભાળશે.

### આજે વકીલો સાઈકલ અને ઈ-વ્હીકલ લઈને કોર્ટ આવશે

સુરતઃ આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કોર્ટ સંકુલમાં આવવા માટે વકીલો-પક્ષકારોને સાઈકલ કે ઈલેક્ટ્રિક વાહનો પર આવવા સુરત જિલ્લા વકીલ મંડળે આહવાન કર્યું હતું. વકીલ મંડળે એક પ્રેસ યાદીમાં જણાવ્યું હતું કે પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ ઘટાડવા માટે આવતીકાલે તારીખ ૦૫/૦૬/૨૦૨૬ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા વિનંતી કરવામાં આવી છે કે, આવતીકાલે શકય હોય તો વકીલો તથા પક્ષકારોએ કોર્ટ ખાતે આવવા અને જવા માટે સાઈકલ કે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવો અથવા સાથી વકીલ મિત્રો સાથે વાહન શેરિંગ કરી સાથે મળીને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવી એક સંદેશ સમાજ સુધી પહોંચાડવા વિનંતી કરી હતી.

### ડિજિટલ પ્રિન્ટિંગના ઘટતા ભાવ સામે વેપારીઓ એકજૂટ થયા

**સુરત** સબલિમેશન ડિજિટલ પ્રિન્ટિંગ એસોસિએશનની રચના કરાઈઃ 700થી વધુ વેપારીઓ જોડાયા

સુરતઃ કાપડ ઉદ્યોગમાં ડિજિટલ પ્રિન્ટિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓ લાંબા સમયથી જોબ વર્કના સતત ઘટતા ભાવોને કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા.

વેપારીઓનાં હિતોને ધ્યાનમાં રાખીને અને પ્રિન્ટિંગના ભાવમાં સ્થિરતા લાવવા માટે સુરતના વેપારીઓએ ભેગા મળી સુરત સબલિમેશન ડિજિટલ પ્રિન્ટિંગ એસોસિએશનની રચના કરી છે. એસોસિએશનના ગ્રુપમાં અત્યાર સુધીમાં 700થી વધુ વેપારીઓ જોડાઈ ચૂક્યા છે, જેના કારણે ઉદ્યોગને એક સંગઠિત દિશા મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉદ્યોગ સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં હાલમાં અંદાજે 1,500 ડિજિટલ પ્રિન્ટિંગ મશીન કાર્યરત છે, જેમાંથી આશરે 70 ટકા મશીન સુરતમાં આવેલાં છે. આથી સુરત રાજ્યનું સૌથી મોટું ડિજિટલ પ્રિન્ટિંગ હબ ગણાય છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, થોડાં વર્ષો પહેલાં એક મીટર કાપડની ડિજિટલ પ્રિન્ટિંગ માટે 25થી 26 રૂપિયા સુધીનો ભાવ મળતો હતો, પરંતુ અનિયંત્રિત સ્પર્ધાના કારણે હાલ આ દર ઘટીને માત્ર 14થી 15 રૂપિયા સુધી પહોંચી ગયો છે. વધતા ઉત્પાદન ખર્ચ અને ઘટતા દરોના કારણે વેપારીઓને નુકસાની થઈ રહી છે. એસોસિએશનની રચનાથી ભાવ સ્થિરતા, વ્યવસાયમાં પારદર્શિતા અને વેપારીઓના હિતોની રક્ષા થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### વસ્તી ગણતરીમાંથી મુક્તિ અને કારણદર્શક નોટિસ પરત ખેંચવા આંગણવાડી કર્મચારી સંઘની રજૂઆત

સુરતઃ ભારત સરકાર અને ગુજરાત સરકારના પરિપત્રો મુજબ આંગણવાડી બહેનોને આઈસીડીએસ (ICDS) વિભાગ સિવાયની અન્ય કોઈ પણ કામગીરી સોંપવાની હોતી નથી. આમ છતાં, વસતી ગણતરીની વધારાની કામગીરી ન કરવા બદલ બહેનોને નોટિસો ફટકારવામાં આવી છે, જે તાકીદે પરત ખેંચવા સંઘ દ્વારા માંગણી કરવામાં આવી છે. સંઘના જિલ્લા મંત્રી મિતાલી પટેલે પત્રમાં રજૂઆત કરતાં જણાવ્યું છે કે આંગણવાડી બહેનો પાસે પહેલેથી જ ઓનલાઈન અને ઓફલાઈન કામગીરી, THR વિતરણ, MMY સ્ટોક વિતરણ, બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણના 4 કલાકોનો સમય, તેમજ CBE કાર્યક્રમો અને આંગણવાડી પ્રવેશોત્સવ જેવી અનેક મહત્વપૂર્ણ જવાબદારીઓ રહેલી છે.